

# Fundamentals of Jain Philosophy


Compilation By

Dr. Bipin Doshi
Mrs. Shilpa Chheda
CA Kavita Shah

-

Hindi Translation Support :
Mrs. Antima Modi & Mrs. Sharmila Lodha

-

Gujarati Translation Support :
Mrs. Rajul Shah & Mrs. Rashi Merchant

-

For any correction or suggestion please message to

Jain Academy Education Research Center Promotion Trust
102, Abhilasha Bldg No. 1, Above Yes Bank, Punjabi Lane,
Lane Opp Tanishq Showroom, L. T. Rd, Borivali West, Mumbai 400092.
M : 88503 90455 • E-mail : rashi.merchant@gmail.com


Chapter 1 to 14.3

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧) | શું ધર્મ જીવનમાં જરૂરી છે ? | ..૦૨ |
| ૨) | ધર્મની ઉત્ક્રાંતિ | ..૦૬ |
| ૩) | વિશ્વના ધર્મોનું વર્ગીકરણ | ..૦૯ |
| ૪) | પ્રોફેટીક અને નોન-પ્રોફેટીક ધર્મોનો તફાવત | ..૧૧ |
| ૫) | 'રીલીજીયન' અને 'ધર્મ' શબ્દોની સમજ | ..૧૩ |
| ૬) | બે મુખ્ય ભારતીય ધાર્મિક પરંપરા | ..૧૫ |
| ૭) | વૈદિક પરંપરા પ્રમાણેનું જીવન (માનવ જીવનનો વૈદિક દ્રષ્ટિકોણ) | ..૧૮ |
| ૮) | તિર્થંકર મહાવીરના સમયમાં ભારતની સામાજિક અને આધ્યાત્મિક સ્થિતિ | ..૨૧ |
| ૯) | તિર્થંકર મહાવીર દ્વારા કરવામાં આવેલ સામાજિક સુધારા | ..૨૩ |
| ૧૦) | તિર્થંકર મહાવીર દ્વારા કરવામાં આવેલ આધ્યાત્મિક સુધારા | ..૨૬ |
| ૧૧) | જૈન સમાજની ઓળખ | ..૨૮ |
| ૧૨) | જૈન ધર્મની પ્રાચીનતા - પારંપારિક તથા ઐતિહાસિક દ્રષ્ટિકોણ | ..૩૧ |
| ૧૩) | જૈન ધર્મની લાક્ષણિકતાઓ | ..૩૪ |
| ૧૪) | ૧૪-૧) દ્રવ્ય (સામાન્ય) | ..૩૭ |
| | ૧૪-૨) જીવ દ્રવ્ય | ..૪૨ |
| | ૧૪-૩) અજીવ દ્રવ્ય | ..૫૨ |

## પાઠ ૧ : શું ધર્મ જીવનમાં જરૂરી છે ?

આપણા બધાની પ્રાથમિક જરૂરીયાત અન્ન, પાણી, આરોગ્ય, શિક્ષણ, આરામદાયક પ્રવાસ, સંદેશવ્યવહાર, મનોરંજન વગેરે છે. પાછલી બે-ત્રણ સદીમાં આપણે આ બધા ક્ષેત્રમાં વિશેષ પ્રગતિ કરી છે અને એના ઘણા સારા પરિણામો પણ આવ્યા છે. જેના માટે આપણે આપણા વૈજ્ઞાનિકો, તકનીકી નિષ્ણાતો અને કલા સર્જકો વગેરેનો આભાર માનવો જોઈએ. સારી સ્વાસ્થય સેવાને લીધે મનુષ્યનું આયુષ્ય બેવડાઈ ગયું છે. આખું વિશ્વ એક કુટુંબ સમાન બની ગયું છે. દુનિયામાં ગમે ત્યાં બનેલી ઘટનાઓ આપણે ક્ષણ માત્રમાં જોઈ શકીયે છીએ. અને આ બધું પ્રતિભાશાળી વૈજ્ઞાનિકોની મહાન શોધોને આભારી છે. હવે વિચારો,

- શું વિજળી વગર જીવન શક્ય છે ?
- શું મહત્વની શોધ કરનાર વૈજ્ઞાનિકોના મંદિરો છે ?
- શું જે લોકોએ આપણને જીવન રક્ષક દવાઓ, વીજળી, કોમ્પ્યુટર, મોબાઈલ ફોન વગેરે આપ્યા એ વૈજ્ઞાનિકોની પૂજા આપણે કરીએ છીએ ખરા ?

આશ્ચર્યકારક તો એ છે કે આપણે એવા બધા ભગવાનોની પ્રાર્થના કરીએ છીએ જેની પર આપણને પારાવાર શ્રધ્ધા છે, ઊંડી આસ્થા છે પણ જેને આપણે ક્યારે જોયા નથી અથવા એણે કોઈ શોધ કરી હોય એવા પૂરાવા નથી. ચર્ચ, મસ્જિદ અને મંદિરો ભક્તોથી છલકાય છે. લાખો લોકો દર વર્ષે તીર્થ યાત્રા એ જાય છે. કરોડો રૂપિયા ધાર્મિક ક્રિયાઓ પાછળ ખર્ચાય છે. કોઈ લોકો આવી માન્યતાઓને અંધશ્રધ્ધા ગણી વિરોધ કરે છે, પરંતુ હકીકતમાં મોટા ભાગના લોકો ઈશ્વરને સર્વ શકિતમાન માને છે અને કોઈ ને કોઈ ભગવાનમાં શ્રધ્ધા રાખે છે એ વાતથી આપણે આંખ આડા કાન કરી શકતા નથી.

**નવી પેઢીના સવાલો :**

૧) આપણા જીવનમાં ધર્મની સુસંગતતા છે ?

૨) શું આપણને ધર્મની જરૂર છે ?

૩) જયારે માનવતા સર્વોર્ત્તમ છે ત્યારે સદીઓ પુરાણા ધર્મને શા માટે પકડી રાખવા ?

૪) વિશ્વનો ઇતિહાસ ધર્મ અને ભગવાનના નામે થયેલા યુધ્ધોથી ભરેલો છે. આજની તારીખમાં પણ આતંકવાદના મૂળમાં ધાર્મિક અંધશ્રધ્ધા છે આવા ધર્મની શું જરૂર ?

૫) ધર્મ ઘણા બધાની જીદંગીનો હિસ્સો શા માટે છે ?

હકિકતમાં માનવ જાત હજી સુધી વિશ્વના અસ્તિત્વની જટીલતાને સમજી નથી શકી અને પોતાના અસ્તિત્વ વિશેની સમજણ, ઉત્પત્તિ, એનો હેતુ વગેરે સમજવા આતુર છે. પારંપારિક રીતે માનવી આવા અનેક જટીલ પ્રશ્નોના ઉત્તર માટે ધર્મ તરફ મીટ માંડે છે.

**ધર્મની ઉપયોગીતા :**

૧) માનવીની શ્રધ્ધા અનેક જટીલ પ્રશ્નોના જવાબ ધર્મ પાસે થી મેળવવામાં મદદ કરે છે જો કે તેના જવાબો અલગ અલગ છે.

૨) માનવીને પોતાના જીવનનો હેતુ સમજવો છે અને ધર્મ તેનો ઉત્તર આપે છે.

૩) લોકોને જીવનમાં ઘણી ઇચ્છાઓ છે અને ડર છે. દૈવી શકિતઓ ઇચ્છાઓ પુરી કરશે અને ડર દુર કરે એવી આશા હોય છે.

૪) ધર્મ આપણને એક સારી જીંદગી જીવવા માટેનું નૈતિક માળખુ આપે છે. ધર્મ પસંદગી અને તેની આપણા ઉપર થતી અસર વચ્ચેનો સંબંધ બતાવે છે. જેનાથી આપણે ભવિષ્ય માટે વિચારી શકીએ કદાચ કોઇ આ વિચારો પર સહમત ન પણ થાય પણ એને નકારી ન શકાય કે, વિશ્વની વસ્તીના ૯૩% લોકો કોઈને કોઈ ધર્મ માં માને છે ફક્ત ૭ % ધર્મ પ્રથાનો સ્વીકાર કરતા નથી.

**ધર્મ અને ઇતિહાસ:**

ભૂતકાળમાં ધર્મ દ્વારા સમાજ અને સંસ્કૃતિમાં એકરૂપતા હતી, ધાર્મિક ક્રીયાઓ અને રિવાજો બાબતમાં સમાજ એક તાંતણે બંધાયેલા હતા. ધર્મ પોતાની સંસ્કૃતિ અને સમાજના લોકો પરત્વે સહકારની ભાવનાને પ્રોત્સાહીત કરે છે, જે સભ્ય સંસ્કૃતિ માટે જરૂરી છે. માનવશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વિષય ઉપર જે સંશોધન થયુ છે તે એમ માને છે કે સમાજ અને સંસ્કૃતિઓનો પાયો ધર્મ છે

ઈતિહાસમાં સંદર્ભો છે કે, ફકત ધર્મ જ એક આખો દેશ બનાવવા પાછળ જવાબદાર છે. દા.ત. પવિત્ર રોમન સામ્રાજયો અને યુરોપના ઘણા રાજયો (પ્રોટેસ્ટંટ પંથી પહેલા).

**ધર્મ અને અર્વાચીન સમય :**

**'સારા રહો અને બીજાનું સારું કરો.'** આ અર્વાચીન યુગની જરૂરિયાત છે. માનવતા ખરેખર બધા ધર્મની ઉપર છે. કોઈપણ ધર્મ માનવતાના પાયા વગર અશકય છે. જીંદગીની જટીલતાનો સામનો કરવામાં માનવ શકિતઓ સિમિત છે. માણસની ઈચ્છાઓ કે સુરક્ષા માનવતાથી પૂરી પાડી શકાતી નથી. એટલે માણસો પોતાની ઈચ્છા કે સુરક્ષા માટે દૈવી શક્તિનું આલંબન લે છે જેને તે પોતાની શ્રધ્ધા બનાવી લે છે. આ માન્યતાઓ ધર્મનો પાયો બને છે. સારા કર્મનું ફળ સારું અને ખરાબ કર્મનું ફળ ખરાબ, જીવન પછીનું જીવન, આંતરિક શાંતિ અને આત્મશુધ્ધી – એવી ઘણી ચીજો છે જ્યાં ધર્મ ઘણો મહત્વનો ભાગ ભજવે છે. કોઈપણ ધર્મ પોતે મહાન છે એ દાવો ન કરી શકે. ધર્મ એક અગંત શ્રધ્ધાનું નામ છે. કરોડો લોકો આ શ્રધ્ધાથી પોતાની જીવનશૈલીમાં શાંતિથી જીવે છે.

ઘણા ધર્મો છે અને પ્રશ્ન એ છે કે કયો ધર્મ સાચો ? નાસ્તિકો કહે છે કે લોકો ભગવાનમાં એટલે માને છે કે ભગવાન તેમને દુઃખથી મુકિત અપાવે પણ આવા પ્રકારની શ્રધ્ધાનું શોષણ કરી અનેક લોકો તેના ગેરફાયદો લે છે. એવું ઠસાવવામાં આવે છે કે સુખ દુઃખનું કારણ ભગવાન જ છે, ખરું જોતા તમારી પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી તમને બહાર લાવનાર વ્યક્તિ તમે પોતે જ છો. જે કરવાનું છે તે

તમારે જ કરવાનું છે. ભગવાનનો એમાં કોઈ હસ્તક્ષેપ નથી એવું ભગવાનમાં નહીં માનનારા લોકો કહે છે.

વિજ્ઞાન અને ટેકનોલોજિના જગતમાં થયેલી અનેક સિદ્ધિઓમાં ધર્મનો પ્રભાવ કેટલો ? એવો પ્રશ્ન સ્વાભાવિક છે. અનેક વૈજ્ઞાનિકો એવું પણ મંતવ્ય આપે છે કે ધર્મની જડતાને કારણે અનેક શોધખોળ કરવામાં વિલંબ થયો છે.

તો પછી ધર્મનું અસ્તિત્વ કેમ છે ? બધા ધર્મના સર્વસામાન્ય લક્ષણ પર નજર કરીએ.

**૧) ધર્મ માનસિક શાંતિ આપે છે :**

મનુષ્યની જીંદગી અનિશ્ચિત છે. મનુષ્ય અનિશ્ચિતતા, અસુરક્ષા અને ભયની વચ્ચે અસ્તિત્વ માટે સતત ઝઝુમતો રહે છે. ક્યારેક પોતે લાચારીનો અનુભવ કરે છે. ધર્મ જ તેનું આશ્વાસન છે અને તેને આ કટોકટીના સમયમાં પ્રોત્સાહન આપે છે. ધર્મ સાચો સહારો આપે છે. તેને માનસિક શાંતિ અને ભાવનાત્મક સહારો આપે છે. જીંદગીના સવાલો સામે લડવાનો જુસ્સો આપે છે.

**૨) ધર્મથી સામાજિક મૂલ્યોનો સંચાર થાય છે :**

ધર્મ સામાજિક મૂલ્યો જેવાકે, સત્ય, પ્રામાણિકતા, અહિંસા, સેવા, પ્રેમ, અનુશાસન વગેરે શિખવાડે છે. ધાર્મિક વ્યક્તિ આ મૂલ્યો સાથે સમાજનો એક અનુશાસિત નાગરીક બને છે.

**૩) ધર્મ સામાજિક એકતાને પ્રોત્સાહન આપે છે :**

ધર્મથી ભાઈચારાની લાગણી આવે છે. તેનાથી સામાજિક એકતા સંધાય છે. ધર્મમાં લોકોને એક રાખવા અને છુટા પાડવા બંનેની તાકાત છે. એક જ ક્ષેત્રમાં રહેતા લોકોની સર્વસામાન્ય માન્યાતાઓ, વિધિઓ અને સામાજિક એકતા ધર્મના કારણે મજબૂત થાય છે. ભૂતકાળમાં મર્યાદિત ક્ષેત્રના સમાજ માટે આ અનિવાર્ય હતું. જો કે આજે પરિસ્થિતિ જુદી છે.

**૪) ધર્મ પશુત્વમાંથી માનવત્વ (માનવતા) પ્રગટાવે છે :**

ધર્મ માનવીમાં સ્વાવલંબન ની લાગણીને પોષે છે. ધર્મ એવો આગ્રહ પણ રાખે છે કે માણસ દયાળુ અને પરોપકારી બને. બીજી ઘણી ધાર્મિક ક્રિયા દરમિયાન માણસ પોતાની દુન્યવી જીંદગીના અનેક પ્રશ્નો ભૂલી જાય છે. આ અનુભવથી માણસની અંદરની પશુતાને બદલે માનવતાના ગુણો વિકસે છે.

**૫) ધર્મ સમાજવાદી અને સામાજિક ન્યાયનું વાતાવરણ ઉભું કરે છે :**

ધર્મ સામાજિક ન્યાય માટેનું મૂળકારણ છે. એ સામાજિક જીવનમાં શિસ્ત લાવવાનું કારણ છે. સામાજિક મૂલ્યો અને ન્યાયને મજબૂત કરે છે. સામાજિક ન્યાય વ્યકિતગત અને સામાજિક બંને ધોરણે મજબૂત કરે છે. ધર્મ મનુષ્યની બધી ક્રિયાઓ ને તાબામાં રાખે છે. કન્ટ્રોલ કરે છે. મંદિર, મસ્જીદ, ચર્ચ, ગુરુદ્વારા લોકોના વર્તાવને કાબુમાં રાખવા જરૂરી છે.

**૬) ધર્મ સમાજકલ્યાણના કાર્યોને પ્રોત્સાહન આપે છે :**

ધર્મ લોકોની સેવા કરવાનું અને સમાજકલ્યાણ કરવાનું શીખવાડે છે. એ 'માનવસેવા એજ પ્રભુ સેવા'નો સંદેશો આપે છે. આના માટે લોકો ભુખ્યા તેમજ જરૂરિયાતમંદ લોકો માટે પૈસા આપે છે. ધર્મની અસર હેઠળ અને ધર્મના નામ પર ઘણી સંસ્થાઓ સમાજકલ્યાણના કાર્યો કરે છે.

**૭) ધર્મ થી મનોરંજન મળે છે :**

ધર્મ લોકોની દૈનિક જીંદગીમાં મનોરંજન પુરુ પાડે છે. ધાર્મિક ક્રિયાઓ અને ઉત્સવો બધાજ ધર્મોનું અંગ છે. જે કરવાથી લોકોની માનસિક તાણ ઓછી થાય છે. એજ રીતે ધાર્મિક પ્રવચન, ભજન કીર્તન, સંગીતસંધ્યાથી લોકોને આનંદ થાય છે. જે શાશ્વત મનોરંજનનું કારણ છે.

**૮) રાજકારણ પર ધર્મની અસર :**

પ્રાચીન અને મધ્ય યુગમાં સમાજના રાજકારણ ઉપર ધર્મની અસર સ્પષ્ટ પણે દેખાતી હતી. હમણાના જમાનામાં પણ ઘણા દેશોમાં ધર્મની સીધી કે આડકતરી અસર જોવા મળે છે. પ્રાચીન અને મધ્ય યુગમાં રાજા પોતાને ભગવાનના પ્રતિનિધી કહેવડાવતા અને ધર્મના નામ પર રાજય ચલાવતા હતા. હમણાં પણ નેતાઓ પોતાના ઈષ્ટદેવના નામ પર જ શપથ લે છે. દેશો જેવાકે ભુતાન, પાકીસ્તાન, ઈટાલી, જર્મની, ઈંગલેન્ડ વગેરેના રાજકારણમાં ધર્મની અસર સ્પષ્ટ દેખાય છે.

**૯) ધર્મ આત્મમિવશ્વાસ વધારે છે :**

ધર્મ આત્મમિવશ્વાસ વધારવા માટે અસરકારક શસ્ત્ર છે. માન્યતાઓ જેમકે 'કામ જ પૂજા છે.' 'ફરજ દૈવીક છે.'

ધર્મ એટલે પ્રશસ્તિ નહીં પણ ધર્મ એટલે આપણી જીંદગીની જરૂરિયાત છે. કોઈ ધર્મમાં લડાઈ કે ઝગડાને સ્થાન નથી. ધાર્મિક ભાગલા વગરની માનવજાત આદર્શ છે પરંતુ કમનસીબે આપણે હંમેશા એક નક્કર ધાર્મિક માન્યતા સાથે જ જનમીએ છીએ અને મોટા થઈએ છીએ. બાળપણથી જ એજ સંસ્કાર આપણામાં નાખવામાં આવે છે અને એજ માન્યતામાં આપણે જીવન જીવીએ છીએ.

અનુસંધાનમાં એટલું જ કે દુનિયાના કોઈપણ ભાગમાં હોઈએ, પણ બધા માનવો છીએ. બધા ખુશીની શોધમાં છીએ, કોઈને દુઃખ જોઈતું નથી. બધાની એકસરખી જરૂરિયાત છે અને લગભગ સમાન ચિંતાઓ પણ છે. માનવ તરીકે આપણને આઝાદી બહુ જ પસંદ છે આ માનવ સ્વભાવમાં છે.

ધાર્મિક બનવું કે નહીં કે પછી ફક્ત માનવતાના ધર્મમાં માનવું કે નહીં એ આપણી પસંદગી છે.

હવે પ્રશ્ન એ છે કે ધર્મ અનાદિ અનંત છે કે માનવ નિર્મિત છે. શ્રધ્ધાથી દરેક કહે છે કે ,'મારો ધર્મ અનાદિ અનંત છે, શાશ્વત છે.' જેમાં કોઈપણ પ્રકારની દલીલોનો અવકાશ નથી પણ જોઈએ કે સમાજશાસ્ત્રીઓ આના વિશે શું કહે છે.

## પાઠ ૨ : ધર્મની ઉત્ક્રાંતિ

લગભગ બધા ધર્મો શાશ્વત હોવાનો દાવો કરે છે, અનાદિ અને અનંત. પરંતુ અહીં આપણે સામાજિક દ્રષ્ટિકોણથી ધર્મની ઉત્પતિ જોઈશું. માનવની ઉત્ક્રાંતિ અને ધર્મની ઉત્પતિનો ઈતિહાસ ખૂબજ રસપ્રદ છે. પુરાતત્વીય અને ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો માનવ સંસ્કૃતિ ૭૦૦૦-૮૦૦૦ વર્ષ પહેલા શરૂ થઈ હતી. આદિ માનવ પશુ જેવો જ હતો. આપણે બધાએ પથ્થર યુગ અને હિમ યુગ વિશે સાંભળ્યું છે. એ સમયે માણસ એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકતો હતો. બીજા જાનવરોનો શિકાર થઈ મરતો પણ હતો. તે છતા માનવ મગજનો વિકાસ થયો. કેવી રીતે થયો એ એક રહસ્ય છે. પરંતુ તેનાથી તે બધા જનાવરોથી ઉત્તમ-સર્વોત્તમ બની ગયો.

આદિ માનવની શોધોનું સમાજ શાસ્ત્રીઓ અને ઈતિહાસકારો નીચે પ્રમાણે વર્ણન કરે છે. અત્યારના યુગમાં આવી શોધો ઘણી સાદી લાગે પરંતુ તે જમાનામાંએ એક નવાઈ હતી જેના લીધે તે બધા પ્રાણીઓ પર વર્ચસ્વ જમાવી બેઠો.

૧) ભાષા : સંદેશવ્યવહાર માટે સૌ પ્રથમ ઈશારાની ભાષા શરૂ થઈ પછી તે ધીરે ધીરે સાંકેતિક ભાષામાં વિકસિત થઈ. આવી પ્રગતિશીલ ભાષા બીજા પ્રાણીઓમાં વિકસિત ન થઈ શકી.

૨) આગ (અગ્નિ) : આગની શોધ એ એક સીમા ચિન્હ હતું. તેના ઉપયોગથી માનવીએ પોતાને બીજા પ્રાણીઓથી સુરક્ષિત બનાવી લીધો. જોતજોતામાં અગ્નિ ઘણો ઉપયોગી થયો. જેમકે પ્રકાશ, ખાવાનું બનાવવા, શસ્ત્ર, ધાતુને ગાળવા, ઓજારો બનાવવા વગેરે. અગ્નિ ભગવાનની જેમ પૂજાવા લાગ્યો. બધા ઘરોમાં અગ્નિ માટે એક અલગ કુંડ બન્યા જેના લીધે અવિરત પ્રકાશ મળવા લાગ્યો. આજે જેમ વિજળી છે તે પ્રમાણે એ સમયમાં અગ્નિકુંડ હતા.

૩) ખેતીઃ ખેતીની શોધ પણ એક સીમાચિન્હરૂપ હતી. પરંતુ એ ૧૦૦૦ વર્ષના અનુભવ અને મહેનતનું ફળ હતું. ખેતી એ આદિમાનવની જીવનશૈલીમાં મહત્વના ફેરફાર કર્યા. રખડુ જીવનથી એક જગ્યાએ સ્થાયી થવામાં મદદ કરી. આના લીધી નદી કિનારે માણસોની વસાહતો ઉભી થઈ કારણકે પાણી એ ખેતી માટે અતિઆવશ્યક છે. એ વસાહતો પછી સ્થાયી બની અને ગામડાઓ બન્યા, નગરો બન્યા, એક ચોક્કસ નિયમો બન્યા જેનાથી સમાજમાં એકરૂપતા રહે. ધીરે ધીરે અત્યારના સમાજ જેવી રચના થઈ.

૪) પ્રજનનઃ શારિરીક સંબંધો અને પરિવારનો અર્થ સમાજાયો. લગ્ન સંસ્થા અમલમાં આવી. બાળક જન્મ માનવ સમાજનું મહત્વનું અંગ બન્યો.

આટલા બધા વિકાસ પછી પણ ઘણું બધું એવું હતું કે તે સમજાવી શકાય તેવું ન હતું કારણ કે વિજ્ઞાન વિકસિત ન હતું. દા.ત. પ્રશ્નો જેવા કે,

૧) સૂરજ ક્યાંથી આવે છે ?

૨) રાતના ક્યાં છૂપાઈ જાય છે ?

૩) ચંદ્ર અને તારા શું ચીજ છે ?

૪) વરસાદ અને ધરતીકંપ કોણ લાવે છે ?

૫) જ્વાળામુખી શું ચીજ છે ? તે કેમ ફાટે છે ?

૬) વિશાળ દરિયો, બ્રહ્માંડ અનેક કુદરતી ઘટનાઓ વિશે પ્રશ્નો ?

હવા, પાણી, નદી, દરિયો, વાદળા વગેરે વિશેના વિજ્ઞાનથી હજી આદિમાનવ અજાણ્યો હતો. માનવ શરીરના રોગો વિશે અને મૃત્યુ વિશે પણ અજ્ઞાન હતો. આજના જમાનામાં આ પ્રશ્નો નાના લાગે પરંતુ એ જમાનામાં આ પ્રશ્નો જટીલ હતા. સંદેશ વ્યવહાર અને વાહનવ્યવહાર સિમિત હતો; માનવ ભ્રમણ ફક્ત સ્થાનિક જ હતું. પ્રાણીઓ પર સવારી અને એને જોડીને ગાડીથી એક જગ્યાએથી બીજી જગ્યા જવાનું હતું.

**અલૌકિક તત્વમાં માનવું :**

કયારેક જે પ્રશ્નોના ઉત્તર ન મળતા હોય ત્યારે કલ્પના કામ કરી જાય છે. સમજાવી ન શકાય એવી ઘટના ના જવાબમાં માનવે ઘણું જાણવાના પ્રયત્નો કર્યા હશે પણ જવાબ ન મળ્યો ત્યારે એમ માનવા લાગ્યો કે એ કોઈ અદ્રશ્ય શક્તિ છે. જે વિશ્વને ચલાવે છે, શક્તિશાળી  છે, જે આર્શીવાદ અને શ્રાપ પણ આપી શકે છે. જેનો જવાબ ન મળી શકે એ વસ્તુ માટે આવા અલૌકિક તત્વો જવાબદાર છે એમ માન્યતા થતી ગઈ. દા.ત.

મૃત્યુના દેવતા (યમદેવતા)

જન્મના દેવતા (રન્નાદે)

વૈભવના દેવતા (લક્ષ્મીજી)

આરોગ્યના દેવતા (ધનવંતરી)

વર્ષાના દેવતા (ઈન્દ્ર દેવ)

રોગોના દેવતા (શીતળા માતા)વગેરે વગેરે

આ દેવ-દેવીઓ અદ્રશ્ય હતા અને આકાશમાં રહેતા હતા એટલે આકાશી દેવતા કહેવાયા. જ્વાળામુખી જેવી હોનારત માટે સ્થાનિક દેવતાને જવાબદાર ઠેરવવામાં આવ્યા, એટલે એ સ્થાનિક દેવતા કહેવાયા. આમ આકાશી દેવતા, ભૂમિ દેવતા, સાગરી દેવતા, દેવો અને દેવીઓ, સારા અને નરસા દેવો એવા ઘણા પ્રકારના દેવતાઓ પ્રચલીત થયા. આ દેવ-દેવીઓની પ્રાર્થના અને સ્તુતિ કરવી, ભેંટ ચડાવવી એ બધું જીવનનો ભાગ બનવા લાગ્યા. દેવોને ખુશ કરવા, એમના આર્શીવાદ મેળવવા, આરોગ્ય, ધન, સંપતિ, જ્ઞાન વગેરે મેળવવા બધા માટે દેવો પૂજાવા લાગ્યા અને જો ન પૂજા કરો તો શ્રાપ આપશે એવી માન્યતા પણ પ્રચલિત થઈ.

આ રીતે પૂરી દુનિયામાં જે ઘટનાઓ સમજાવી ન શકાય એના માટે દેવો (ભગવાન) જવાબદાર છે એમ માન્યતા પ્રચલિત બની. પૂજારીઓએ બધાના મનમાં ઠસાવ્યું કે યજ્ઞ કરવાથી, ભેંટ

ચડાવવાથી કે પૂજા કરવાથી દેવો પ્રસન્ન થાય છે. દુર્ભાગ્ય, રોગ વગેરેથી દૂર રહેવા આ કરતા રહેવું જોઈએ આવી અંધશ્રધ્ધા સમાજનું મહત્વનું ઘટક બની ગઈ.

**વૈદિક સંસ્કૃતિની શરૂઆત :**

ભારતમાં વૈદિક સંસ્કૃતિને સૌથી પ્રાચીન માનવામાં આવે છે. આ સંસ્કૃતિ મનુષ્ય-મનુષ્યનો જ નહી પરંતુ મનુષ્યનો અને બધી પ્રકૃતિના પ્રેમ વિશે કહે છે. પ્રકૃતિના ઘટકો જેમકે પાણી, હવા, વનસ્પતિ અને ધરતી બધા સાથે સહજીવનમાં રહેવાનું સૂચવે છે. તેમણે સંસ્કૃતિમાં નિતિનિયમો આપ્યા છે. સંસ્કૃતિના વિકાસમાં એનો ફાળો અમુલ્ય છે. પરંતુ સમય જતા એક વર્ણના લોભ અને લાલસાના કારણે આ સંસ્કૃતિ કલૂષિત થતી ગઈ.

પૂજારીઓ અને ધર્મગુરુઓએ લોકોને એવું માનતા કર્યા કે તેઓનો ભગવાન સાથે સીધો સંબંધ છે. ભગવાને પોતે તેમને પસંદ કરી આ કામ માટે મોકલ્યા છે. લોકોના દુઃખો દુર કરવાના બહાના હેઠળ આ લોકોએ દુનિયાભરમાં બધા સામાન્ય લોકોનું શોષણ, પ્રાણીઓની કતલ અને યજ્ઞમાં બલિ જેવી ક્રિયાઓ ઘણી શતાબ્દિ સુધી ચલાવી. અનેક દુષણોથી વૈદિક સમાજનો શ્વાસ રૂંધાવા લાગ્યો. દેવોના કોપનો ભય એટલો ઠસાવી દેવામાં આવ્યો કે લોકો અંધશ્રધ્ધાળુ બની ગયા.

**સામાજિક અને આધ્યાત્મિક સુધારાઃ**

છઠ્ઠી શતાબ્દિ બી.સી. માં પ્રબુધ્ધ આત્માઓ જેમકે ચીનમાં કન્ફયુસીયસ, ભારતમાં મહાવીર અને ગૌતમ બુધ્ધ અને ઈરાનમાં જરુથુસ્ટ્રએ આ પૂજા-અર્ચના વગેરેનો વિરોધ કર્યો અને અનેક દેવતાઓનો પણ વિરોધ કર્યો હતો. તેઓએ લોકોને કર્મકાંડાની અંધશ્રધ્ધામાંથી બહાર કાઢીને સામાજિક અને આધ્યાત્મિક જાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેમણે ઘણા સુધારા કર્યા એટલે જ તેમના અનુયાયીઓ વધતા ગયા અને અનેક જૂથનું નિર્માણ થયું. આ જૂથોથી ભવિષ્યના એક નવા ધર્મોના મક્કમ પાયો મુકાયો જેમાં સહુને પોતાના અલગ રિવાજ, નિયમો અને ફિલસુફી હતા.

સમાજમાં જેમકે સામાજિક, આર્થિક અને રાજકિય પાયો નૈતિકતા પર હતો. આ પ્રબુધ્ધ મહાપુરુષોએ મનુષ્યની જીંદગીને નવી દિશા આપી અને વ્યકિતગત, સામાજિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક ભાઈચારાનો સંદેશો આપ્યો. સમય જતાં તેની ફિલસુફીની ક્ષિતિજો વિસ્તરતી ગઈ અને માન્યતામાં તફાવત આવવા લાગ્યો. ભગવાન વિશે, બ્રહ્માંડ વિશે, મુકિત વિશે, નૈતિકતા વિશે આ બધા ધર્મોમાં સામાન્યતા ન હતી જેનાથી અનેક વાદવિવાદો પણ શરૂ થયા. દરેક સ્થાપિત ધર્મોના ફાયદાઓ અને ગેરફાયદાઓ વર્ણવી શકાય પણ વાસ્તવિકતા એ છે કે ધર્મ મહત્તમ લોકોના જીવનનો ભાગ બની ગયો.

હવે નવા ચેપ્ટરમાં આપણે વિશ્વના મુખ્ય ધર્મોને ટૂંકમાં જોઈશું.

## પાઠ ૩ : વિશ્વના ધર્મોનું વર્ગીકરણ

### ધર્મ શું છે ?

ધર્મ એક સંસ્કૃતિનો સમુહ છે. તેમાં માન્યતાઓ અને વિશ્વ વિશેના મત હોય જે માનવતા, આધ્યાત્મિકતા અને નૈતિક મૂલ્યો તરફ લઈ જાય છે.

પરંતુ લોકોના સ્વભાવમાં વિવિધતા છે અને તેમની સમજણ પણ અલગ અલગ છે. સમયની જરૂરિયાત મુજબ અને સમાજનો દુનિયાને જોવાનો અભિગમના પરિણામે ધર્મ વિકસિત થયા છે. અલગ અલગ પ્રકારના મત (અભિપ્રાય) જીંદગીને અને જીંદગી પછીની અવસ્થાને અલગ અલગ પ્રકારે જુએ છે.

મુખ્યત્વે વિશ્વના ધર્મોનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

૧) પ્રોફેટીક ધર્મો અથવા દૂત અથવા પયગંબરવાળા ધર્મો

૨) નોન પ્રોફેટીક ધર્મો અથવા દૂત કે પયગંબર વગરના ધર્મો

નોન પ્રોફેટીક ધર્મમાં બે વિભાગ છે.

અ) આર્યોનો ધર્મ

બ) અનાર્યોનો ધર્મ

**૧) પ્રોફેટીક ધર્મ :**

પ્રોફેટ થી ઉદ્‌ભવેલો ધર્મ એટલે પ્રોફેટીક ધર્મ, દુનિયાના મુખ્ય પ્રોફેટીક ધર્મમાં યહુદી, ખ્રિસ્તી અને ઈસ્લામ છે. આ બધા ધર્મો પયગંબર ધર્મો કહેવાય છે કારણકે તેઓ એક ઈશ્વરીય દૂતમાં માને છે. જ્યાં ઈશ્વર પોતાનો સંદેશો પોતાના દૂત દ્વારા મોકલાવે છે. યહુદીમાં મોસેસ, ખ્રિસ્તીમાં જીસસ ક્રાઈસ્ટ અને ઈસ્લામમાં મોહમ્મદ તેમના પયગંબર છે. તે ધર્મોને અબ્રાહીમનાં ધર્મો પણ કહેવાય છે કારણકે તેઓ પ્રાચીન અબ્રાહમ નામના પયગબરનો સ્વીકાર કરે છે જેનો ઉલ્લેખ બાઈબલમાં છે.

**૨) નોન પ્રોફેટીક ધર્મો :** નોન પ્રોફેટીક ધર્મો ફરીથી વિભાજીત થાય છે. અ) આર્યધર્મ અને બ) અનાર્ય ધર્મ

**અ) આર્યધર્મ :** આર્યો જેમાં માને છે તે ધર્મ એટલે આર્ય ધર્મ. આર્ય ધર્મ પણ બે વિભાગમાં વિભાજીત થાય છે. વૈદિક ધર્મ અને અવૈદિક ધર્મ. અવૈદિક ધર્મ શ્રમણ ધર્મ તરીકે પણ ઓળખાય છે. જેમાં જૈન ધર્મ અને બૌધ્ધ ધર્મ નો સમાવેશ થાય છે. બધા આર્ય ધર્મ નોન પ્રોફેટીક છે, પયગંબર વગરના છે. જોરોસ્ટ્રીન પારસી ધર્મ આર્યધર્મ છે પરંતુ અવૈદિક છે, વૈદિક પણ નથી અને સામાન્ય રીતે જોતા પ્રોફેટીક લાગે છે કારણકે તેઓ પણ પયગંબરને માને છે જેમનું નામ અશો જરથ્રોસ્ટ છે. શીખ ધર્મ વૈદિક ધર્મ પણ નથી અને શ્રમણ ધર્મ પણ નથી.

**બ) અનાર્ય ધર્મ** : આ ધર્મોનું ઉગમ સ્થાન અલગ છે. કોન્ફ્યુસીયાનીઝમ અને તાઓઈઝમ ચીનના પ્રાચીન ધર્મો છે અને શીંતોઈઝમનું મૂળ જાપાનમાં છે. આ ધર્મો એક ભૌગોલિક જગ્યાએ વિકસિત થયા છે.

આમ તો વિશ્વમાં અનેક ધર્મો બન્યા અને નાશ પણ પામ્યા છે પરંતુ લગભગ બધા ધર્મોનું લક્ષ્ય જીજ્ઞાસુ મનની જીજ્ઞાસા સંતોષવાનું અને સાચો રસ્તો બતાવવાનું છે.

આગળના ચેપ્ટરમાં આપણે બંને ધર્મના જીવનના વૈશ્વિક અભિપ્રાય જોઈશું અને પ્રોફેટીક અને નોન પ્રોફેટીક ધર્મોની મૂળભૂત માન્યતાઓ વિશે અભ્યાસ કરીશું.

## પાઠ ૪ : પ્રોફેટીક અને નોન પ્રોફેટીક ધર્મોનો તફાવત

### ૧) પ્રોફેટીક ધર્મ :

૧) એક જ શાશ્વત ભગવાન છે, જેણે સૃષ્ટિની રચના કરી છે અને જેનો એક દૂત છે જે પયગંબર છે.

૨) એક શેતાન છે જે લોકોને સારા બનવાથી રોકે છે, ધર્મ પાળવાથી રોકે છે.

૩) સર્વશકિતશાળી ભગવાન પોતાના દૂતને પયગંબરના રૂપમાં મોકલે છે જે લોકોને ધર્મનો રસ્તો બતાવે છે.

૪) ફકત એક જ જીંદગી છે અને તેને ભગવાને બતાવેલા માર્ગ પ્રમાણે જીવવાની છે.

૫) ભગવાનને જે રોજ યાદ કરે છે અને પૂજા કરે છે તેના ઉપર તેઓ દયા વરસાવે છે.

૬) નાસ્તિક હોવું એ મુસીબત નોતરવા જેવું છે.

૭) એક જ પવિત્ર પુસ્તક હોય છે જે પયગંબર લખે છે, જેમાં ભગવાનનો સંદશો લખેલો છે.

૮) આ સૃષ્ટીનો છેલ્લો દિવસ હશે જેને કયામતનો દિવસ કહેવાય છે. આ દિવસે દરેક મનુષ્યો પોતાની કબરમાંથી સજીવન થશે અને ઈશ્વર તથા પયગંબર તેને તેના કર્મો પ્રમાણે સ્વર્ગ કે નરકમાં મોકલશે.

૯) સામાન્ય રીતે શબને દાટવાની પ્રથા છે.

૧૦) કાળ ચક્ર હોતું નથી. વિશ્વની એક દિવસે શરૂઆત થાય છે અને એક દિવસે અંત થાય છે.

૧૧) પયગંબર અને ભકતો વચ્ચે એક કરાર છે, જેમાં પોત પોતાની ફરજો સામેલ છે.

૧૨) અંતિમ મુકામ સ્વર્ગ અથવા નરક છે.

આ સામાન્ય તફાવત છે જેમાં થોડીઘણી વિવિધતાઓ હોય શકે. પ્રોફેટીક ધર્મોમાં અનુયાયીઓને પુસ્તક અને પયગંબરના પ્રમાણે ચાલવાનું છે. આ આસ્થા સિવાયની કોઈપણ ચીજ અધર્મ છે, પાપ છે. આ ધર્મો માને છે મુકિત ફકત પયગંબરના શબ્દોને માનવાથી જ છે. આ ધર્મમાં સમર્પણભાવ અને ભગવાનની આજ્ઞાને ખૂબજ મહત્વ આપવામાં આવ્યું છે.

### ૨) નોન પ્રોફેટીક

૧) એક પયગંબર જેવું નથી, એક થી વધારે ભગવાનમાં માને છે દા.ત. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ.

૨) માણસનો મોહ અને અજ્ઞાન તેને ધર્મના રસ્તેથી વિચલીત કરે છે.

૩) મનુષ્યને પોતાના અલગ અલગ ભગવાનને માનવા માટેની આઝાદી છે. ફકત તેના નિયમો શાસ્ત્રોમાં આપેલા છે.

૪) મુકિત સુધી જન્મ અને મરણનું ચક્ર ચાલતું રહે છે.

૫) મુકિત મનુષ્યએ પોતે, પોતાના કર્મોથી અને પુરુષાર્થથી મેળવવાની છે ભગવાનની આશા, દયા વગેરે ઉપર આધાર રાખવાનો નથી.

૬) તમારા સારા અને નરસા કર્મનો બદલો તમને જ મળે છે.

૭) ઘણા બધા ધાર્મિક ગ્રંથો હોય છે.

૮) મનુષ્યને કર્મોના આધારે અલગ અલગ ગતિ મળે છે. (જયાં સુધી મુકિત ન મળે ત્યાંસુધી)

૯) શબને બાળવાની પ્રથા છે.

૧૦) કાળ ચક્રનુ અસ્તિત્વ છે.

૧૧) પયગંબર / ભગવાન અને મનુષ્ય વચ્ચે કોઈ કરાર નામું નથી.

૧૨) અંતિમ મુકામ, મુકિત છે જે સ્વર્ગ અને નર્કથી ઉપર છે.

આ રીતે નોન પ્રોફેટીક ધર્મ પ્રોફેટીકથી અલગ પડે છે જેમાં સમર્પણ અને ભગવાનની આજ્ઞા કરતા પોતાના કાર્ય અને પુરુષાર્થ દ્વારા આત્મશુધ્ધિને મહત્વ અપાયું છે. નોન પ્રોફેટીક ધર્મોમાં અનેક વિવિધતા અને દ્રષ્ટીકોણ છે.

| પ્રોફેટીક ધર્મ | નોન – પ્રોફેટીક ધર્મ |
|---|---|
| એક ભગવાન | અનેક ભગવાન |
| એક પયગંબર | અનેક ઋષિ |
| શેતાન છે | શેતાન નથી |
| એક જીંદગી | અનેક જીંદગી |
| એક પવિત્ર પુસ્તક | અનેક પવિત્ર પુસ્તક |
| શબને દાટવાની પ્રથા છે | શબને બાળવાની પ્રથા છે |
| કાળચક્ર નથી | કાળ ચક્ર છે |
| પયગંબર સાથે કરાર છે | કરાર નથી |
| કયામતનો દિવસ છે | કયામતનો દિવસ નથી |
| ફકત સ્વર્ગ અને નરક છે | સ્વર્ગ, નરક ઉપરાંત મોક્ષ છે |
| ભગવાન ઉપર શ્રધ્ધા, સમર્પણ અને પૂજા ખૂબજ મહત્વના છે. | સ્વપુરુષાર્થે કરેલ સદ્કૃત્ય અને આત્મશુધ્ધિ વધારે મહત્વના છે |
| ભગવાનની અનાજ્ઞા પાપનું કારણ છે | પોતાના વિકારો પાપનું કારણ છે |

## પાઠ : ૫ 'રીલીજીયન' અને 'ધર્મ' શબ્દોની સમજ

**ધર્મ:**

ધર્મ શબ્દના ઘણા અર્થ છે. જે સંદર્ભમાં એ વપરાયો હોય તેવો એનો અર્થ નીકળે. મોનીર વીલીયમ્સની સંસ્કૃત અંગ્રજી શબ્દકોષમાં ધર્મના ઘણા અર્થ છે. જેમાં આચરણ, ફરજ, ન્યાય, ગુણ, નૈતિક્તા, યોગ્યતા, નિયમો પ્રમાણેના સારા કર્મો વગેરેનો સમાવેશ છે. ધર્મનો મૂળ સંસ્કૃત શબ્દ છે 'ધ્રી' જેનો અર્થ છે ધારણ કરવું ,જેના વિના કશું ટકતું નથી ,જે બ્રહ્માંડનું સંતુલન રાખે છે અથવા સંવાદિતતા જાળવી રાખે છે. ધર્મ એટલે એક નૈસર્ગિક આંતરીક સ્વ-સ્વભાવ. આ બ્રહ્માંડમાં દરેક વસ્તુનો પોતાનો ધર્મ છે. દા.ત. ઈલેક્ટ્રોનનો ધર્મ છે ન્યુટ્રોનની આજુબાજુ ફરવું. વાદળા, આકશગંગા, વનસ્પતિ, કીટક, મનુષ્ય સૌને પોતપોતાનો સ્વભાવ છે. ધર્મ એક જૂથ સુધી સિમિત નથી તે એક પ્રકારની પૂજા પધ્ધતિ છે. ધર્મ આપણને આપણા જીવનના નવા પાસાઓ સુસંવાદિતતાથી પૂરા કરવાનો માર્ગ બતાવે છે. દા.ત. સંપતિનું સર્જન (અર્થ), ઈચ્છાપૂર્તિ કરવી (કામ), મોક્ષ વગેરે.

ધર્મનો અર્થ ક્યારેક કાયદો પણ થાય છે અને જો કાયદા જેવો અર્થ લઈએ તો નીચેના નિયમો લાગુ પડે :

૧) તે રાજ્ય અથવા ભૌગોલિક પ્રદેશના રાજા તરફથી માન્ય હોવો જોઈએ.

૨) જે ફરજિયાત હોવો જોઈએ.

૩) જેનો ભંગ થતા શિક્ષા મળવી જોઇએ.

અર્થાત ધર્મનો અર્થ ખૂબજ વિસ્તૃત છે અને એક દ્રષ્ટિએ જોવા જતા ધર્મનો અર્થ જીવન શૈલી પણ છે, જેમાં ભગવાન એક અંગ છે.

**રીલીજીયન :**

રીલીજીયન એ લેટીન શબ્દ છે. રી + લીગારે, જેનો અર્થ થાય છે ફરીવાર જોડાણ કરવું. પ્રોફેટીક ધર્મમાં એવું મનાય છે કે આદી માણસે ભગવાનની અનાજ્ઞા કરી (આદમ અને ઈવની વાર્તા) જેનાથી પાપની શરૂઆત થઈ. આ પાપ ધીરે ધીરે મનુષ્યના વંશજોમાં વધતું ગયું જેના કારણે માનવ જાતનું ઈશ્વર (ગોડ, અલ્લાહ વગેરે)સાથેનો સંપર્ક તુટી જાય છે અને માણસ વધારેમાં વધારે દુ:ખી થાય છે પણ કહેવાય છે કે ભગવાન દયાળુ છે અને તેની સાથે માનવ જાતનું ફરીવાર જોડાણ થાય તે માટે ઈશ્વર પયગંબરને પૃથ્વી ઉપર મોકલે છે. આ રીતે રીલીજીયન શબ્દ (રી + લીગારે) શબ્દ પ્રોફેટીક ધર્મ માટે યોગ્ય છે પણ વૈદિક ધર્મ કે શ્રમણ ધર્મ માટે આ શબ્દ યોગ્ય નથી કારણ કે વૈદિક અને શ્રમણ ધર્મમાં ઈશ્વર સાથે માનવીનું જોડાણ તૂટી જાય છે એવી માન્યતાનો સ્વીકાર નથી અથવા તો માનવ જાત સાથે ફરથી જોડાણ કરવા માટે ઈશ્વર કોઈ પયંગબર મોકલશે એવી માન્યતા નથી. ધર્મનો ખાસ

કોઈ અંગ્રેજી શબ્દ નહી હોવાથી ભારતીય ધર્મો માટે પણ રીલીજીયન શબ્દ વાપરવામાં આવે છે જે ખરું જોતા યોગ્ય નથી. ભારતીય ધર્મ માટે ધર્મ શબ્દ વપરાય એ યોગ્ય છે.

**ભારતની ધાર્મિક પરંપરા :**

ધર્મ મનુષ્યને સ્વયં પ્રોત્સાહિત કરી પોતાની અને બીજા તરફની જવાબદારીનું પાલન કરતા શીખવાડે છે. આ ભારતની ધર્મ પરંપરાનો પાયાનો નિયમ છે. ભારતીય ધર્મો ધર્મની મૂળભૂત સમજ આપે છે જેમાં અહિંસા, સત્ય, કરુણા અને મુકિત છે અને એના માટે જરૂરી છે સર્વની પવિત્રતા. એકેન્દ્રીય જીવને પણ આહાર આપો (રક્ષા કરો) કારણકે એ પણ બ્રહ્માંડના એક ઘટક સમાન છે. ભારતીય ધર્મ પરંપરા પહેલા ધર્મ પર જ ભાર મૂકે છે અને તેના આધારે બીજી ફિલસૂફીઓ વિકસીત થઈ છે. એટલા માટે ધર્મ ફકત નિયમોની સૂચિ કે તેની માન્યતા નથી પરંતુ એ એકતા અને સહઅસ્તિત્વના નિયમને આદર આપે છે.

ભારતીય સંસ્કૃતિમાં ધર્મની અનેક વ્યાખ્યા જોવા મળે છે દા.ત. **'વથ્થુ સહાવો ધમ્મો'** – વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. **'ધારયતિ ઈતિ ધર્મ'** – જે ધારણ કરે તે ધર્મ અર્થાત જે મુશ્કેલીમાં સહારો આપે એ ધર્મ. પ્રજા ધર્મ કે રાજ ધર્મ જેવા શબ્દમાં ધર્મનો અર્થ ફરજ છે. ધર્મનો એક સરળ અર્થ છે **'ફરજ'** – સ્વ પ્રત્યે અને પરપ્રત્યે.

હવે આપણે ભારતની બે મુખ્ય પરંપરાના મૂળભૂત સિધ્ધાંતો વિશે જાણીશું અર્થાત વૈદિક અને અવૈદિક અથવા શ્રમણ ધર્મોની સામ્યતા અને તફાવતો સાથે.